# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦/ 4366 તારીખ : 29/8/19

રજી. એડી. પત્ર

પ્રતિ,
પ્રદ્યુમનસિંહ ઘનશ્યામસિંહ જાડેજા
૨-કોલેજ વાડી, "શ્રીજી કૃપા",
મું. પો. : રાજકોટ , તા. : રાજકોટ , જી. : રાજકોટ-૩૬૦૦૦૧,
મોબાઈલ : ૯૧૭૩૪૪૧૧૫૧

વિષય : વીજ પુરવઠો પુનઃ ચાલુ કરવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૩-૦૫-૨૦૧૯.
( અત્રેના ફોરમની નોંધણી નંબર ૩૬/ક્વા-૦૧/૨૦૧૯-૨૦ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૨.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૧ ની વિનિયમ નં.- ૨.૫૨ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, પ્રદ્યુમનનગર રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૬/ક્વા-૧/૧૯–૨૦/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૩૬/ક્વા-૧/૧૯–૨૦

| | |
|---|---|
| અરજદાર: | પ્રદ્યુમનસિંહ ઘનશ્યામસિંહ જાડેજા ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર: | અરજદાર પ્રદ્યુમનસિંહ ઘનશ્યામસિંહ જાડેજા હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨ |
| રજૂઆત કરનાર: | નાયબ ઈજનેર શ્રી એન. આર. કંડોરીયા પ્રદ્યુમનનગર – પેટા વિભાગીય કચેરી – રાજકોટ |

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ: | ૨૫-૦૬-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૨૫-૦૬-૨૦૧૯ ( મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર પ્રદ્યુમનસિંહ ઘનશ્યામસિંહ જાડેજા ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર : ૩૬/ક્વા-૧/૧૯-૨૦ મા જણાવે છે કે, તેઓ તેઓના પરીવાર – ૨–કોલેજ વાડી – શ્રીજી કૃપા – રાજકોટ ખાતે રહે છે. જેમા તેઓના પિતાશ્રી ના ફૈબા રાજકુવરબાં દોલત સીહ જાડેજાના નામે વીજજોડાણ હતુ, જેના ગ્રાહક નં.– ૩૧૩૦૫/૦૧૫૨૩/૧ – મીટર નં. પીજીએસટી–૩૦૨૧૮૮૩ છે, જેના વીજબીલ તેઓના પિતાશ્રી વર્ષો થી ભરતા આવતા હતા. ત્યારબાદ, કૌટુંબીક કાકા હરીશચંદ્રસીહ જસવંતસીહ જાડેજા એ કોઈપણ જાતના લીગલ દસ્તાવેજીક પેપર્સ વગર – છેલ્લા ૦૯ માસ માં ખોટા દસ્તાવેજીક પેપર્સ ઉભા કરી અને તેઓના નામે નામ બદલી કરાવી અને છેલ્લા ૦૩ માસ થી કપાવી નાખેલ છે. સરકાર શ્રી ની વિવિધ જાહેરાતો કે જેમકે કોઈપણ ઘર વીજળી વગર ન રહેવુ જોઈએ, તેમજ તેઓના માતા–પિતા વીજળી વગર ગરમીમાં રહી શકતા ન હોય, જેથી અરજદારે વીજપુરવઠો પુનઃ ચાલુ કરવા – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે - પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- પ્રનગર સબ ડિવિઝનના ગ્રાહક શ્રી રાજકુવરબા દોલતસિંહ જાડેજા કનેક્શન નંબર ૩૧૩૦૫/૦૧૫૨૩/૧ રહેણાંકનું કનેક્શન ધરાવતા હતા. ફરિયાદી ગ્રાહક

પ્રદ્યુમનસિંહ ધનશ્યામ સિંહ જાડેજાના પિતાશ્રીના ફઈબા રાજકુવરબા જાડેજા માથી હરીષચંદ્ર જસવંતસિંહ જાડેજા ને નામે નામ ટ્રાન્સફર કરવા જરૂરી દસ્તાવેજી પુરાવા સાથે તા.૭.૭.૨૦૧૮ના રોજ અરજી કરવામાં આવેલ. તેમજ કંપનીના નિયમ મુજબ જરૂરી ફી ભરી હરીષચંદ્ર જસવંતસિંહ જાડેજાએ નામ ટ્રાન્સફર કરાવેલ.

૩.૧ ત્યારબાદ આ વીજ જોડાણની જરૂરિયાત ન હોય તારીખ ૨૯.૧.૨૦૧૯ ના રોજ તેઓએ પીડીસી ની અરજી કરેલ. આ અરજીના અનુસંધાને મીટર/ સર્વિસ ઉતારવા જતા જૂના ગ્રાહકે મીટર/ સર્વિસ ઉતારવા દીધેલ નહિ. જૂના ગ્રાહક પાસે જમીનના આધાર પુરાવા માંગતા તેઓ આધાર પુરવા રજૂ કરી શકેલ નહીં. ફરિયાદી ગ્રાહકના પિતા ધનશ્યામ સિંહ માધવસિંહ જાડેજા દ્વારા કંપની સામે નામદાર હાઇકોર્ટમા સ્પે. સિવિલ અપીલ નંબર-૮૪૨૯/૨૦૧૯ તા.૧.૫.૨૦૧૯ થી દાખલ કરવામાં આવેલ છે. આમ અત્રેની કચેરી દ્વારા કંપનીના નિયમોને આધીન કાર્યવાહી કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, ઉપરોકત મુદ્દા નં. ૨.૦ તથા ૩.૦ મુજબ ની વિગતે – અરજદાર શ્રી તેઓના પરીવાર – ૨–કોલેજ વાડી – શ્રીજી કૃપા – રાજકોટ ખાતે રહે છે. જેમા તેઓના પિતાશ્રી ના ફૈબા રાજકુવરબાં દોલત સીહ જાડેજાના નામે વીજજોડાણ હતુ, જેના ગ્રાહક નં.– ૩૧૩૦૫/૦૧૫૨૩/૧ – મીટર નં. પીજીએસટી–૩૦૨૧૮૮૩ છે. સદર વીજજોડાણ – ઉપરોકત મુદ્દા નં. ૩.૦ મુજબ ની વિગતે – રાજકુવરબા જાડેજા માથી હરીશચંદ્રસીહ જશવંતસીહ જાડેજા ને નામે નામ ટ્રાન્સફર **કરાયેલ** છે. ત્યારબાદ, ઉપરોકત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – સદર વીજજોડાણ તારીખ ૨૯.૧.૨૦૧૯ ના રોજ પીડીસી ની અરજી કરેલ. જે અનુસંધાને – સામેવાળા દ્વારા – મીટર/ સર્વિસ ઉતારવા જતા જૂના ગ્રાહકે મીટર/ ઉતારવા દીધેલ નહિ.

૪.૨ ઉપરોકત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – સદર વીજજોડાણ વાળી મીલ્કત બાબતે વિવાદ ચાલતો હોય, જે નામદાર કોર્ટ માં હાલ પેન્ડીગ છે. જેથી, નામ.જીઈઆરસી ના પ્રવર્તમાન નોટીફીકેશન નં: ૦૨/૨૦૧૧ નાં મુદા નં: ૨.૩૦ (૧) માં કરાયેલ જોગવાઈ મુજબ સદર પ્રકારના – એટલેકે ફરીયાદી અને પરવાનેદાર ને વચ્ચેની બાબતને લગતી કાર્યવાહી કોઈપણ કોર્ટ માં પડતર રહેલા કેઈસ ના નિકાલ ની કામગીરી અત્રે ના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર સતા ક્ષેત્ર બહાર હોય, આ બાબતે – અત્રે તરફથી વિશેષ કાંઈ કરવાનુ રહેતુ ન હોવાથી, અત્રે ના ફોરમ તરફથી આપશ્રી તરફથી મળેલ ઉપરોકત સંદર્ભ મુજબની ફરીયાદ અરજી દફતરે કરવામાં આવે છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી. પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot